# વિદેશી ચલણમાં ઘટતી રૂપિયાની કિંમત

છેલ્લા બે મહિના દરમિયાન ડૉલર અને રૂપિયા વચ્ચેના વિનિમયદરમાં ગણનાપાત્ર વધારો થયો છે. એક ડૉલરની કિંમત એપ્રિલ '૧૩માં રૂ. ૫૪ હતી તે જૂન મહિનામાં રૂ. ૬૦ની સપાટી વટાવી ગઈ હતી. થોડાં વર્ષ પૂર્વે ડૉલરની કિંમત રૂ. ૪૫ હતી અને એ વખતે એવી અપેક્ષા જાગી હતી કે તે ઘટીને રૂ. ૪૦ સુધી પહોંચી જશે. પણ એ પછીનાં વર્ષોમાં મોટો વળાંક આવ્યો છે અને હજી ડૉલરની કિંમત રૂપિયામાં વધ્યા કરશે એવી દહેશત છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો ડૉલર અને રૂપિયા વચ્ચેનો વિનિમયદર વધતો જ રહ્યો છે. જૂન ૧૯૬૬માં રૂપિયાનું અવમૂલ્યન કરવામાં આવ્યું તે પૂર્વે ડૉલરની કિંમત રૂપિયામાં ૪.૭૬ હતી, જે જૂન ૩, ૧૯૯૧માં ૨૦.૮૯ અને જૂન ૨૬, ૨૦૧૩માં ૬૦.૭૨ રૂપિયા થઈ હતી. આમ સમયના લાંબા ફલક પર ડૉલરની કિંમત રૂપિયામાં વધતી જ રહી છે. આની પાછળ રહેલા કારણને આપણે સમજવાનું છે.

ડૉલરની કિંમત રૂપિયામાં વધે ત્યારે ગુજરાતી અખબારોમાં 'ગગડતો રૂપિયો' એવા હેડિંગ નીચે એ સમાચાર પ્રગટ થાય છે. આનો અર્થ એવો થાય છે કે રૂપિયાની કિંમત ડૉલરમાં ઘટતી જાય છે. ૧૯૬૬માં રૂપિયાના અવમૂલ્યન પહેલાં એક રૂપિયાની કિંમત ડૉલરમાં ૨૧ સેન્ટ હતી, જે ઘટીને જૂન ૩, ૧૯૯૧માં ૪.૭૮ સેન્ટ અને જૂન ૨૬, ૧૯૧૩માં ૧.૬૪ થઈ. આમ ડૉલરની કિંમત રૂપિયામાં વધે તેનો અર્થ રૂપિયાની કિંમત ડૉલરમાં ઘટે એવો થતો હોવાથી જ્યારે ડૉલર અને રૂપિયા વચ્ચેનો વિનિમયદર વિશેષ પ્રમાણમાં વધે ત્યારે 'ગગડતો રૂપિયો' એવા શબ્દોમાં એનું વર્ણન કરવામાં આવે છે.

ઐતિહાસિક રીતે ડૉલરની કિંમત રૂપિયામાં શાથી વધતી રહી છે એ પ્રશ્નનો ઉત્તર મેળવીએ. લાંબા ગાળામાં બે દેશોનાં ચલણ વચ્ચેનો વિનિમયદર એ દેશોના ચલણની આંતરિક ખરીદશક્તિ પર આધાર રાખે છે. દેશમાં ભાવો જો વાર્ષિક દસ ટકાના દરે વધતા હોય તો સાત વર્ષમાં દેશની ભાવસપાટી બમણી થાય અને રૂપિયાની આંતરિક ખરીદશક્તિ અડધી થઈ જાય. તેથી સાત વર્ષ પહેલાં જે ચીજ દેશમાં ખરીદવા માટે રૂ. ૧૦૦ ચૂકવવા પડતા હતા તે ચીજ ખરીદવા માટે રૂ. ૨૦૦ ચૂકવવા પડે.

આની તુલનામાં ધારો કે અમેરિકામાં ભાવો લગભગ સ્થિર રહે છે. આ સ્થિતિમાં ડૉલરની આંતરિક ખરીદશક્તિ પણ સ્થિર રહેશે. આ સ્થિતિમાં ડૉલર અને રૂપિયા વચ્ચેનો વિનિમયદર બમણો થઈ જાય. બીજા શબ્દોમાં કહીએ તો રૂપિયાની આંતરિક ખરીદશક્તિ ડૉલરની આંતરિક ખરીદશક્તિના સાપેક્ષમાં ઘટતાં તેની ડૉલર ખરીદવાની શક્તિ પણ ઘટે છે. આપણા દાખલામાં એક ડૉલર બરાબર રૂ. ૨૦ હોય તો તે વધીને





રૂ. ૪૦ થશે. હૂંડિયામણના દરમાં થતા ફેરફારોની આ સમજૂતી અર્થશાસ્ત્રમાં સમખરીદશક્તિ સિદ્ધાંત તરીકે જાણીતી છે.

છેલ્લા છ દસકા દરમિયાન ડૉલર અને રૂપિયા વચ્ચેના વિનિમયદરમાં મોટો વધારો થવાનું આ પાયાનું કારણ છે. અમેરિકા અને યુરોપના મોટા ભાગના દેશોમાં ભાવો વર્ષે સરેરાશ ૨થી ૪ ટકાના દરે વધ્યા છે, જ્યારે ભારતમાં તે ૬–૭ ટકા કે તેથી વધુ દરે વધ્યા છે. આમ ડૉલર જેવાં વિદેશી ચલણોના સાપેક્ષમાં રૂપિયાની આંતરિક ખરીદશક્તિમાં મોટો ઘટાડો થતો રહ્યો હોવાથી ડૉલર, પાઉન્ડ, જર્મન માર્ક જેવાં ચલણોની કિંમત રૂપિયામાં વધી રહી છે.

વિનિમય કે હૂંડિયામણના દર ઉપર તત્કાલીન પરિબળોની પણ મોટી અસર પડતી હોય છે. અત્યારે રૂપિયાનું જે ધોવાણ થઈ રહ્યું છે તેમાં આજે કાર્યરત પરિબળો નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યાં છે. આ પરિબળો દેશના વિદેશી ચલણના બજારમાં ડૉલરના પુરવઠા કે તેની માંગને બદલીને વિનિમયદરમાં ફેરફાર નિપજાવે છે. દા.ત., વિદેશી રોકાણકારો તેમણે ભારતની કંપનીઓના શૅરો અને બૉન્ડમાં જે રોકાણો કર્યાં છે તે પાછાં ખેંચી રહ્યા છે. જૂન મહિનામાં તેમણે પાંચ અબજ પાછા ખેંચ્યા. દેશના લેણદેણના સરવૈયા પર ગંજાવર ખાધ છે. એનો અર્થ એવો થાય કે આપણે વિદેશો પાસેથી જેટલા ડૉલર કમાઈએ છીએ એનાથી વધારે ખર્ચીએ છીએ. પેટ્રોલિયમ પેદાશોના વધેલા ભાવો અને સોનાની વધેલી આયાતોને કારણે સરવૈયાની ખાધમાં ગંજાવર વધારો થયો છે. આની સાથે આંતરરાષ્ટ્રીય બજારોમાં અમેરિકાનો ડૉલર 'મજબૂત' બની રહ્યો છે — અન્ય દેશોનાં ચલણોમાં એની કિંમત વધી રહી છે. એની અસર રૂપિયા ઉપર પણ પડી રહી છે.

રૂપિયાની કિંમત વિદેશી ચલણોમાં ઘટતી જાય તેની ભારતના અર્થતંત્ર અને લોકો પર શું અસરો પડે તેવો પ્રશ્ન સહજ રીતે થાય. તેનાં ઘણાં પરિણામો નીપજે છે, કેટલાંક પરિણામો ઉદાહરણ રૂપે નોંધીએ. ડૉલર મોંઘો થવાથી આયાત થતી ચીજોની કિંમતો

રૂપિયામાં વધી જાય છે. દેશની સહુથી વધુ આયાત ખનિજતેલની છે. પેટ્રોલિયમ પેદાશોના ભાવો વધી જવાથી દેશમાં પરિવહન સેવાઓનું ખર્ચ વધે છે. એને કારણે મોટા ભાગની ચીજવસ્તુઓના ભાવોમાં વત્તોઓછો વધારો થાય છે. આમ મોંઘી થતી આયાતો દેશમાં વધી રહેલા ભાવોને વેગ આપે છે. પણ આયાતો મોંઘી થતાં આયાતો માટેની માંગ ઘટે છે એ તેની એક સારી અસર હોય છે.

બીજી બાજુ, નિકાસકારોને લાભ થાય છે. ડૉલર મોંઘો થવાથી તેમની નિકાસકમાણી રૂપિયામાં વધી જાય છે, જે નિકાસવૃદ્ધિ માટે પ્રોત્સાહક નીવડે છે. જોકે બધા નિકાસકારો માટે ડૉલરની વધેલી કિંમત એકસરખી લાભદાયી નીવડતી નથી. દા.ત., હીરાને પૉલિશ કરીને નિકાસ કરનારાઓ માટે તે પ્રતિકૂળ નીવડે છે કેમ કે તેમને રફ હીરાની આયાત કરવી પડતી હોવાથી તેની કિંમત પણ રૂપિયામાં વધી જાય છે.

પણ તાજેતરમાં રૂપિયો જે રીતે ગગડયો છે તેમાંથી એક પ્રશ્ન ઊભો થાય છે : ૧૯૯૮માં પૂર્વ એશિયાના કેટલાક દેશો(થાઇલૅન્ડ, દ. કોરિયા, ઇન્ડોનેશિયા વગેરે)માં જેવી વિત્તીય કટોકટી સર્જાઈ હતી અને એ દેશો આર્થિક મંદીમાં ધકેલાઈ ગયા હતા એવું ભારતમાં બની શકે ? પ્રથમ નજરે ભારતની સ્થિતિ ચિંતાજનક જણાય છે. આજે દેશ પાસે લગભગ ૨૭૫ અબજ ડૉલરની અનામતો છે, જે દેશના વિદેશી દેવાના ૮૩ ટકા જેટલી છે. મતલબ કે દેશ તેની અનામતોમાંથી તેનું વિદેશી દેવું ચૂકવી શકે એમ નથી. આની તુલનામાં ૨૦૦૭–૦૮માં દેશની અનામતો વિદેશી દેવાના ૧૩૮ ટકા જેટલી હતી. દેશના લેણદેણના સરવૈયાના ચાલુ વિભાગ પરની ખાધ જીડીપીના પાંચ ટકા જેટલી છે, જે કોઈ પણ દેશ નિભાવી ન શકે. એ ખાધ જીડીપીના બે ટકાની મર્યાદામાં હોય તે સલામત ગણાય છે. તેથી સ્થિતિ નિઃશંક કટોકટીભરી છે. આમ છતાં પૂર્વ એશિયાના દેશો જેવી વિત્તીય કટોકટી સર્જાવાની સંભાવના અલ્પ છે.

ભારત અને પૂર્વ એશિયાના ઉક્ત દેશો વચ્ચે એક મહત્ત્વની બાબતમાં તફાવત છે. એ દેશોના નાગરિકોને પોતાની મૂડી વિદેશોમાં લઈ જવાની છૂટ હતી. તેથી દેશના ચલણની કિંમતમાં થનાર અપેક્ષિત મોટા ઘટાડાનો લાભ લેવા માટે દેશના નાગરિકો પણ એમની મૂડી મોટા પ્રમાણમાં વિદેશમાં લઈ ગયા હતા. આમ એ દેશોમાંથી વિદેશી મૂડીની સાથે દેશની મૂડી પણ મોટા પ્રમાણમાં વિદેશોમાં ઘસડાઈ ગઈ હતી. ભારતના નાગરિકોને આવી છૂટ ન હોવાથી ભારતમાંથી સ્વદેશી મૂડી વિદેશોમાં ઘસડાઈ જવાનો ભય નથી. વળી, ભારતમાં હૂંડિયામણના દરને બજારમાં નક્કી થવા દેવામાં આવતો હોઈ હૂંડિયામણના દર અંગેના એકતરફી સટ્ટાને અવકાશ નથી. આ બધાં પરિબળોને કારણે ભારતમાં વિત્તીય કટોકટી સર્જાવાની દહેશત નથી.

– રમેશ શાહ





# યાદગાર સંભારણું

૨૭ જૂન, ૨૦૧૩ ને ગુરુવારનો દિવસ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને માટે એક સ્મરણીય દિવસ બની રહ્યો. એ દિવસ હતો ‘સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ અર્પણ-સમારોહ’નો. આ કાર્યક્રમની શરૂઆત વિશ્વકોશ ગાનથી થઈ. ત્યારપછી શ્રી નારાયણભાઈ દેસાઈની ‘ગાંધીકથા’માં આવતું ગીત ભદ્રાબહેને રજૂ કર્યું. પ્રાસંગિક વક્તવ્યમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. કુમારપાળ દેસાઈએ સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડની ભૂમિકા આપી હતી. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓમાં છેલ્લાં બે વર્ષથી લલિતકલાકેન્દ્રની પ્રવૃત્તિ ચાલે છે. આ સંદર્ભમાં સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ, સ્થાપત્યક્ષેત્રે ઉત્તમ પ્રદાન



**અધ્યક્ષીય વક્તવ્ય આપતા શ્રી બાલકૃષ્ણ દોશી**

કરનાર ગુજરાતમાં વસતા કે ગુજરાતની વ્યક્તિને આ ઍવૉર્ડ નિષ્પક્ષ નિર્ણાયક સમિતિ દ્વારા અર્પણ કરવામાં આવે છે. સવ્યસાચી તે શ્રી ધીરુભાઈ ઠાકરનું ઉપનામ છે. આ ઍવૉર્ડમાં એક લાખ રૂપિયા, સ્મૃતિચિહ્ન, શાલ અને પુસ્તક અર્પણ કરવામાં આવે છે. આ ઍવૉર્ડ માટે ઉદાર હાથે સખાવત કરનાર શ્રી સી. કે. મહેતાનો પણ આભાર માન્યો. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે તૈયાર થઈ રહેલા અન્ય કોશોનો પણ ખ્યાલ આપ્યો. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રત્યે સદા સદ્ભાવ રાખનાર શ્રી સી. કે. મહેતા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વક્તવ્ય આપતાં શ્રી નીતિનભાઈ શુક્લએ કહ્યું કે હું નારાયણભાઈના પ્રથમ પરિચયમાં આવ્યો એમનાં લખાણો દ્વારા. મહાદેવભાઈ દેસાઈના ઉત્કૃષ્ટ જીવનચરિત્ર ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ પુસ્તકનું પ્રથમ પ્રકરણ ‘ઊઠો મહાદેવ, ઊઠો મહાદેવ’



શ્રી ધીરુભાઈ ઠાકર



શ્રી દક્ષાબહેન પટ્ટણી

નીતરતી આંખે એકથી વધારે વાર વાંચ્યું છે. સહુ પ્રથમ અમદાવાદથી સૂરત જતી ટ્રેનમાં સહપ્રવાસી તરીકે મળ્યો હતો. 'મારું જીવન એ જ મારી વાણી'ના વિમોચન પ્રસંગે સાબરમતી આશ્રમમાં તેમને સાંભળવાની તક મળી. તેમના અમદાવાદના અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશનમાં યોજેલી ગાંધીકથા ખૂબ સફળ રહી. ગાંધીકથાનું ગુજરાતીમાં પુસ્તક તૈયાર થયું. હિન્દી અને અંગ્રેજીમાં પણ તૈયાર થયું. ૮૯ વર્ષના આ 'બાબલા'માં બાળસહજ નિર્દોષતા, કિશોરની ઉત્સુકતા, યુવાનોની સ્ફૂર્તિ અને ઋષિની પ્રગલ્ભતા એક-સાથે પ્રસંગોપાત્ત ડોકિયાં કરતી રહે છે. ગુજરાતી, હિંદી, અંગ્રેજી, બંગાળી, મરાઠી, ઓડિયા એમ છ ભાષા ઉપરાંત ઉર્દૂ અને સંસ્કૃત જાણનાર શ્રી નારાયણભાઈ દેસાઈ બાળપણથી જ ઘણા સજ્જ અને કુનેહવાળા છે. અગિયાર-બાર વરસે નક્કી કર્યું કે શાળામાં અભ્યાસ નથી કરવો. એ માટે ગાંધીજીને છ પાનાંનો કાગળ લખ્યો. બાપુની સંમતિ મેળવી અને કામ કરતાં કરતાં જ શીખશે એવા સૂચનથી બાપુના સચિવાલયમાં એ જોડાયા. આચાર્ય નરેન્દ્ર દેવ, રાજકુમારી અમૃતકૌર, આચાર્ય ભણશાલી વગેરે પાસેથી તેઓ નિયમિત ભણ્યા. કિશોરલાલ મશરૂવાલા, કાકાસાહેબ કાલેલકર, આચાર્ય કૃપલાની, નરહરિ પરીખ વગેરે પાસેથી જીવનનું શિક્ષણ મેળવ્યું. નારાયણભાઈની સજ્જતા અને ચીવટ સિવાય આ શક્ય જ ન બને. ગાંધીજીએ નારાયણભાઈને ભવિષ્યમાં શું કરવા માગે છે તેની ચર્ચા માટે બોલાવ્યા. તેમણે જણાવ્યું કે તમારા શિષ્યમાં કેટલાક રાજકારણી છે, કેટલાક રચનાત્મક કાર્યકરો છે મારે એ બંને વચ્ચેના સેતુ બનવું છે. મારે જિંદગીભર કામ તો આપનું જ કરવું છે. ગાંધીજીને આપેલું આ વચન તેઓ છેલ્લાં ૬૭ વર્ષથી બખૂબી નિભાવી રહ્યા છે.





શ્રી સી. કે. મહેતાનું અભિવાદન કરતા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજા

ગાંધીવિચારનાં ઊંડાં અભ્યાસી શ્રી દક્ષાબહેન પટ્ટણીએ કહ્યું કે દરેક ક્ષેત્રના કાર્યમાં નારાયણભાઈની અસાધારણ બુદ્ધિપ્રતિભા, અભ્યાસ અને વિસ્તરતો જતો દૃષ્ટિકોણ છેક વિશ્વવ્યાપી બને ત્યાં સુધી વિસ્તર્યો છે. ગાંધીકથા એમના આંતરિક વિકાસનું સ્વાભાવિક પરિણામ છે. નારાયણભાઈ ભાવસ્થિતિમાં વારંવાર રહે છે. નારાયણભાઈએ પોતાને મળેલી બુદ્ધિને કઈ કેળવણી દ્વારા પ્રજ્ઞામાં અને પ્રજ્ઞામાંથી પ્રતિભા સુધી લઈ જવી એની આખી યાત્રા બહુ સરસ છે. નારાયણભાઈએ પોતાને મળેલી બુદ્ધિને પ્રજ્ઞામાં પરિણત કરી અને એમાંથી એની પ્રતિભા પાંગરી. પ્રતિભાનું પૂર્ણસ્વરૂપ તે ગાંધીકથા છે. હિંદુસ્તાનની રંગભૂમિ ઉપર માત્ર બે જ નાટકો ભજવાયાં છે – રામાયણ અને મહાભારત. ત્યારપછી એવું જ સમર્થ નાટક, જેણે માત્ર હિન્દુસ્તાનની પ્રજાને જ નહીં પણ આખા જગતની પ્રજાને ડોલતી કરી દીધી હોય એવું ચરિત્ર હોય તો તે ગાંધીજી. ગાંધીકથા શું કામ કરી ? પુસ્તકો વાંચનાર કેટલા ? એમને તો આખા જગતમાં ગાંધીવિચારને કશાય ભેદભાવ વિના ફેલાવવો હતો. આકાશની જેમ વિસ્તારવો હતો અને પાણીની જેમ વહેતો કરવો હતો. એને માટેનું ઉત્તમ માધ્યમ તો કથા જ છે. યુગે યુગે યુગપુરુષનું કાર્ય બદલાય છે. રામ અને કૃષ્ણ કરતાં ગાંધીનું યુગકાર્ય જુદું છે. ગાંધીકથા દ્વારા એમણે કહ્યું કે ગાંધી આપણી પહોંચમાં છે. એને આપણે પકડી શકીએ તેમ છીએ. એમનું આખું જીવનકાર્ય, એમની સાધના, એમનો વિકાસ એ એમના સહજ આનંદનું પરિણામ છે. એક શારીરિક તાકાતથી માંડીને ભાવસમાધિમાં જીવનાર એક



ઉપસ્થિત પ્રેક્ષકગણ

હૃદયનો વિસ્તાર જેણે સિદ્ધ કર્યો, આત્માનો વિકાસ જેણે પ્રાપ્ત કર્યો એવી વ્યક્તિ તરીકે એમના સમગ્ર કાર્યને મૂલવીએ તો બુદ્ધિની સાથે હૃદયનો વિકાસ હોય અને પ્રયત્નની સાથે આવી ભાવસમાધિ ભળે ત્યારે કોઈ પણ માણસ પરમ આનંદને પ્રાપ્ત કરી શકે. અને એ આનંદ નારાયણભાઈ પ્રાપ્ત કરતા રહે અને એના દ્વારા એમની અને જગતની શાંતિ વિસ્તરતી રહે તેવી ભાવના.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્થપતિ તરીકે આગવી પ્રતિભા ધરાવનાર શ્રી બાલકૃષ્ણ દોશીએ પ્રમુખસ્થાનેથી બોલતાં કહ્યું કે જાણે વિશ્વસ્વરૂપ જોયું. અર્જુન અને કૃષ્ણનો સંવાદ સાંભળ્યો. અને એની અંદર એક વ્યક્તિ જોઈ. મને વિષ્ણુપુરાણ યાદ આવ્યું. રાજા ભગવાનને પ્રાર્થના કરે છે; તમે અહીંથી જાવ જ નહીં, અહીં રહો. ભગવાન કહે છે, તું મને અહીં કેવી રીતે રાખીશ ? હું મંદિર બનાવું અને એમાં તમને રાખું. અને આમ બંને વચ્ચે સંવાદ ચાલે છે. જો વટવૃક્ષ થવું હોય તો બીજ ક્યું નાંખવું. નારાયણભાઈ ગજબના માળી છે. એ મૂળમાંથી આજે આપણને સવ્યસાચીનું વટવૃક્ષ મળ્યું. ધીરુભાઈએ બીજ વાવ્યું. કુમારપાળભાઈનો સહકાર મળ્યો. એમાંથી સંસ્થા ઊભી થઈ. એ સંસ્થાથી આજે એક મંદિર બની રહ્યું છે. વિશ્વકોશ નામ જ એવું છે જેમાં વિશ્વ ભરાયેલું છે. જ્યાં વિશ્વ ભરાય છે તેમાં કોઈ સીમા નથી, વાડા નથી, કોઈ દીવાલ નથી. સંસ્થા જ્યારે મંદિર બને અને વિશ્વનો સંપર્ક કરે અને મંદિર બને ત્યારે પ્રવેશ બધાને મળે પણ એનું લક્ષ્ય મૂર્તિ ઉપર હોય છે. મૂર્તિ બધાં લક્ષણો બતાવે છે.

**(અનુસંધાન સતરમા પાને)**





# એક નવું રાજ્ય ?

ઉત્તરાખંડ, છત્તીસગઢ અને ઝારખંડ જેવાં નાનાં રાજ્યોની રચના સાથે દેશની અંદર અન્ય નાનાં રાજ્યોની રચનાની માંગને પરોક્ષ રીતે ઉત્તેજન મળ્યું. આ સંદર્ભે તેલંગણ રાજ્યની રચનાનો પ્રશ્ન સપાટી પર આવ્યો. મૂળ તો તેલંગણનું આંદોલન છેક ૧૯૪૬ના દસકાના મધ્યભાગમાં આરંભાઈ ૧૯૫૧ સુધી ચાલ્યું હતું. જેનો મૂળ આશય વેઠનાબૂદી, ગેરકાયદે લાગા દૂર કરાવવાનો અને ગેરકાયદે પચાવી પાડેલી જમીનો પાછી અપાવવાનો હતો.

આ સંદર્ભે આંધ્રના તેલંગણ વિસ્તારમાંની જમીનદારી પ્રથાની નાબૂદી ઇચ્છતું અને જમીનદારી પ્રથાનો વિરોધ કરતું આંદોલન ૧ ઑક્ટોબર, ૧૯૫૩માં આકાર પામ્યું. સામ્યવાદી પક્ષના નેતૃત્વ નીચે તેલંગણ વિસ્તારના લોકોએ જમીનદારો અને જમીનદારી પ્રથા વિરુદ્ધ હિંસક માર્ગો અપનાવ્યા. બી. ટી. રણદીવે અને અન્ય સામ્યવાદી નેતાઓના નેતૃત્વ સાથે આંદોલન ચાલ્યું ત્યારે જમીનદારી પ્રથા નાબૂદ કરી, કરજદાર ખેડૂતોનાં દેવાં માફ કરવામાં આવેલાં. સાથોસાથ જમીનસુધારણાના પાયાના પ્રશ્નોને ઉકેલવાની દિશામાં આ આંદોલન દ્વારા પહેલ કરવામાં આવી હતી. સરકારે આંદોલન કચડવા પ્રયાસો કર્યા અને આંદોલન નિષ્ફળ ગયું ત્યારે ૫૦૦ જેટલા જમીનદારો સહિત ૩૦૦૦ માણસોની જાનહાનિ થતાં લાંબા સમય સુધી તેલંગણ વિસ્તાર લશ્કરી કબજા હેઠળ રહ્યો હતો. એ સમયે રવિનારાયણ રેડ્ડીએ આ આંદોલનનું નેતૃત્વ કર્યું હતું.

આજનો તબક્કો એ તેલંગણ આંદોલનનો ત્રીજો તબક્કો છે. આંધ્રપ્રદેશની સાથે રહી વિકસતા તેલંગણે ૨૦૦૪માં ફરીથી આ માંગને રજૂ કરી. ફેબ્રુઆરી, ૨૦૦૯ સુધી ત્યાંના મોટાભાગના રાજકીય પક્ષોએ આ નવી માંગને ટેકો પૂરો પાડ્યો. આ માટે ૨૦૦૯માં રચાયેલા ‘તેલંગણ રાષ્ટ્રીય સમિતિ’ નામના પક્ષે ૪૫માંથી માત્ર ૧૦ વિધાનસભા બેઠકો ચૂંટણીમાં મેળવતાં તેલંગણની માંગ ધીમી પડેલી જણાઈ. પરંતુ તેલંગણ રાષ્ટ્રીય સમિતિના નવા વરાયેલા પ્રમુખ – ચંદ્રશેખર રાવે આ માંગને ઉત્તેજન આપ્યું. ૨૩ ડિસેમ્બર, ૨૦૦૯માં બધા પક્ષોની સર્વસંમતિ હોય તો આ અંગે નિર્ણય લઈ શકાય તેવું વલણ કેંદ્ર સરકારે દાખવ્યું. ૨૦૧૦માં આ અંગે ભાજપ અને તેલુગુ દેશમ પક્ષોના વિરોધને કારણે નિર્ણય મુલતવી રહ્યો. તે પછી આ અંગે ન્યાયમૂર્તિ શ્રીકૃષ્ણનું એક પંચ નિમાયું. આ પંચ વિગતો વિચારે તેમ નક્કી થયું હતું. જાન્યુઆરી ૨૦૧૧માં શ્રીકૃષ્ણ પંચના અહેવાલમાં છ વિકલ્પો સૂચવાયા હતા. પણ તેમાં કોઈ નિર્ણય વ્યક્ત કરાયો નહોતો. પછી તેલંગણ વિધાનસભ્યોનાં રાજીનામાં, રાજ્યવ્યાપી હડતાળ તેમજ છેલ્લે ‘તેલંગણા કૂચ’ની ઘટનાઓએ આકાર લીધો. ૨૮ ડિસેમ્બર, ૨૦૧૨માં ભારતના ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે દ્વારા આ મુદ્દે બેઠક યોજાયેલી જે અનિર્ણાયક રહી.

૨૭ જાન્યુઆરી, ૨૦૧૩માં આ અંગે વિચારણા ચાલે છે તેમ જણાવી કેંદ્ર સરકારના ગૃહમંત્રીએ અંતિમ નિર્ણયની વાત ઠેલી દીધી. આ મુદ્દો વિચારણામાં અટવાયેલો રહ્યો.

આથી હાલમાં 'ચલો વિધાનસભા' કૂચ દ્વારા આ મામલો ગરમાયો. જેમાં ઓસ્માનિયા યુનિવર્સિટી ખાતે પારાવાર હિંસા થઈ. રાજ્ય વિધાનસભામાં જબરદસ્તીથી ઘૂસવાની આ કૂચની નેમ હોવાથી આ પૂરો પ્રયાસ અટકાવવા ઘણા પ્રયાસો થયા. પરંતુ એથી સ્થિતિ વણસી અને સરકાર વિરોધી જનમત વધુ ઉગ્ર બન્યો. કેંદ્ર સરકાર આ મામલે અનિર્ણાયક હોવાથી કૉંગ્રેસનો જનાધાર ત્યાં નબળો પડેલો છે. અલગ તેલંગણની માંગ સ્વીકારવાથી બાકીના આંધ્રપ્રદેશમાં સરકારની નબળી લોકપ્રિયતા જોખમાવાનું ગણિત અહીં કામ કરી રહ્યું છે.

આજે સ્થિતિ એ છે કે લગભગ તમામ રાજકીય પક્ષો ઘણે ભાગે તેલંગણના સમર્થનમાં છે. આમ છતાં નિર્ણય લેવાતો નથી. 'ચલો વિધાનસભા'થી ધાર્યું નિશાન પાર પાડી શકાયું નથી. વિધાનસભા તેલંગણ રાજ્ય સમિતિ, ભાજપ અને અન્ય પક્ષોના વિધાયકોએ ધાંધલ-ધમાલ કરી ગૃહની કાર્યવહી સ્થગિત કરાવી. આંધ્રપ્રદેશ વિધાનસભાના ઇતિહાસમાં પહેલી વાર આમ બન્યું. તેલંગણ રાજ્ય સમિતિના બે વિધાયકોએ વિધાનસભા પરિસરમાંના કૉંગ્રેસ કાર્યાલય પર કાળા ઝંડા લહેરાવી તેમનો અણગમો અને અસ્વીકૃતિ વ્યક્ત કર્યાં. આજે તેલુગુ દેશમ પક્ષ પણ અલગ તેલંગણનું સમર્થન કરે છે. (પહેલાં તે આ પ્રસ્તાવના વિરોધમાં હતો.) જગમોહન રેડ્ડીનો પક્ષ વાયએસ રાજશેખર રેડ્ડી પણ આ પ્રસ્તાવના સમર્થનમાં છે. કૉંગ્રેસ પક્ષનું અવઢવભર્યું વલણ આ બાબતે રાજ્યમાં અસ્થિરતા અને અશાંતિ પેદા કરનારું છે. વળી કૉંગ્રેસ પાસે આંધ્રપ્રદેશ ખાતે કોઈ પ્રભાવક નેતા પણ નથી જે સ્થિતિને કંઈક થાળે પાડી શકે.

આ સંદર્ભે સર્વોચ્ચ અદાલતને વચ્ચે લાવી કેંદ્ર સરકાર તેલંગણ પ્રશ્ને સ્પષ્ટ આદેશ મેળવી લેવાનું મુનાસિબ માને છે. આવનાર થોડા દિવસોમાં સર્વોચ્ચ અદાલતનો નિર્ણય આ બાબતને સ્પષ્ટ કરશે. એથી ભારતનાં રાજ્યોમાં વધુ એક રાજ્યનો ઉમેરો થાય એમ બને.

**– રક્ષા મ. વ્યાસ**

### વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐





## બાળવિશ્વકોશની ગ્રંથશ્રેણી

ટીવી પર અનેક પ્રકારની સિરિયલ આવે છે. તેમાં આજના કિશોરો માહિતીપ્રદ – જ્ઞાનવર્ધક સિરિયલો જોવી પસંદ કરે છે. જેમ કે ડિસ્કવરી, નૅશનલ જ્યૉગ્રાફિક કે ક્વિઝ વગેરે. ગયા વર્ષે (૨૦૧૨) રજૂ થયેલી સામાન્ય જ્ઞાનની 'કે.બી.સી.' શ્રેણીમાં અમિતાભ કહે છે કે જો તમારી પાસે જ્ઞાન-માહિતી હશે તો તેને સહારે જગ જીતી જશો. તે સિરિયલમાં આપણે સાવ સામાન્ય કક્ષાના, ઉચ્ચ શિક્ષણ ન પામેલા એવા અનેકોએ લાખો રૂપિયા મેળવ્યાનું પ્રત્યક્ષ જોયું. લોકો તેમના વાંચન-શોખને કારણે આવી સ્પર્ધાઓ જીતી જાય છે. આમાં માત્ર એ રકમ જીતે છે ત્યાં એની વાત પૂરી થતી નથી પણ તેવી એકાદ મોટી રકમ જે તે કુટુંબનું ભવિષ્ય બદલી નાંખે છે.

વિદ્યાર્થીઓ માટે સારાં પાઠ્યપુસ્તકો છે. તેમાંથી તે જ્ઞાન પ્રાપ્ત કરે છે; પરંતુ તેની એક મર્યાદા છે. કારણ કે વિદ્યાર્થીને નિશ્ચિત સમયમાં નિશ્ચિત માહિતી આપવાની છે. માહિતીનો તો મહાસાગર છે. તેમાંથી વિદ્યાર્થી જો પોતાના શાળાના અભ્યાસને આનુષંગિક થોડું વધારે જાણે તો તેને જીવનમાં ઉપયોગી બની રહે છે.

એન્સાઇક્લોપીડિયા તેનો ઉપાય ?

ઉપાય માત્ર પુસ્તકો–સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો.

આ પુસ્તકોમાંય શિરટોચ કહી શકાય તેવું પુસ્તક તે સર્વસંગ્રહ. અંગ્રેજીમાં આપણે તેને 'એન્સાઇક્લોપીડિયા' તરીકે ઓળખીએ છીએ. કિશોરો માટે ગુજરાતી ભાષામાં આ પ્રકારની એન્સાઇક્લોપીડિયાની અત્યાર સુધી ખોટ હતી. તે ખોટ પૂરી છે – છેલ્લાં ચાર વર્ષથી પ્રગટ થતા 'બાળવિશ્વકોશ'ના ચાર ખંડોએ ! જો જો માની લેતા કે ચાર ખંડોમાં વાત પૂરી થાય છે. ૮થી ૧૦ ખંડોમાં વિસ્તરનારી આ શ્રેણી વિશે થોડી વાત કરીએ.

અંગ્રેજી ભાષામાં તો જાતજાતના એન્સાઇક્લોપીડિયા મળે છે. આશરે પચીસેક વર્ષ પહેલાં ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના થઈ હતી. તેના દ્વારા ચોવીસ વર્ષમાં લગભગ ૨૫ ગ્રંથો પ્રગટ થયા. ૧૦૦૦ પાનાંનો ૧ ખંડ. પણ આ તો મોટેરાં માટેનો. આ ગ્રંથોના સ્વપ્નદ્રષ્ટા અને મુખ્ય સંપાદક શ્રી ધીરુભાઈ ઠાકરને વિચાર આવ્યો કે મોટેરાં માટેનું કામ તો પૂરું થયું તો હવે કિશોરો માટે પણ આવા જ ગ્રંથો કરીએ. કિશોરોનું સામાન્ય જ્ઞાન વધે, તેમના ભણતરમાં, તેમની ભવિષ્યની કારકિર્દીમાં ઉપયોગી થાય તેવા વિષયો પસંદ કરીને સરસ રંગીન ચિત્રો ને ફોટોગ્રાફસ સાથેનો રૂપકડો બાળવિશ્વકોશ તૈયાર કરીએ. શ્રી ધીરુભાઈ ઠાકર, બાલસાહિત્યમાં આગવું પ્રદાન કરનાર શ્રી કુમારપાળ દેસાઈ અને આવા કોશકાર્યના અનુભવી શ્રી ચંદ્રકાન્ત શેઠે મળીને આ શ્રેણીનું એક માળખું તૈયાર કર્યું. બીજા સાથીદારોને આ કામમાં જોડીને કામ શરૂ કર્યું.

અંદાજે ઈ. સ. ૨૦૦૭–૦૮માં પહેલા ખંડનું મૅટર તૈયાર થયું. પછી તેમાં ચિત્રો અને સુંદર ગોઠવણી, લે-આઉટ્સનું કામ શરૂ થયું અને અંતે ઈ. સ. ૨૦૦૯માં તેનો પહેલો ખંડ પ્રગટ થયો. છેલ્લી બેત્રણ લીટીમાં તમે વાંચ્યું એટલી સહેલાઈથી આ ખંડ પ્રગટ થયો નથી. આઠ-દસ વ્યક્તિઓના સહિયારા પરિશ્રમથી તે તૈયાર થયો છે.

આ ગ્રંથમાં વિષયોની ગોઠવણી અકારાદિ પ્રમાણે કરવામાં આવી છે. દરેક લખાણ લખાયા બાદ તે વિષયના નિષ્ણાતને બતાવવામાં આવે છે. તે ખૂબ ધ્યાનપૂર્વક આ લખાણ વાંચે, કોઈ વિગતની પ્રમાણભૂતતામાં શંકા લાગે તો બીજાં પુસ્તકોમાં જોઈને તેની ચકાસણી કરવામાં આવે છે. આ માટે જરૂર પડે તો ઇન્ટરનેટનો પણ ઉપયોગ કરવામાં આવે છે. દરેક વિષયને અનુરૂપ–સુંદર ચિત્રો પસંદ કરીને તે માહિતી રૂપકડી કરવામાં આવે છે. સુંદર દેખાવથી બાળક–કિશોરને આ પુસ્તકનું સહજ આકર્ષણ થાય છે.

પહેલા ખંડમાં માત્ર સ્વર – એટલે કે 'અ'થી શરૂ કરીને 'ઔ'થી શરૂ થતા વિષયો રજૂ કરવામાં આવ્યા છે. ઉપરાંત દરેક ખંડમાં આગળ ૨૦ પાનાં છે. જેમાં પુસ્તકની પ્રસ્તાવના તેમજ જોડણી, જોડાક્ષરના નિયમો તેમજ ગ્રંથનો ઉપયોગ કરવા માટેની ઉપયોગી માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત બાળવિશ્વકોશમાં ભાષાશુદ્ધિ પર ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. દરેક લખાણ છેલ્લે છપાવા જાય તે પહેલાં જુદા જુદા તજજ્ઞો દ્વારા લગભગ ચારેક વાર તેનું પ્રૂફ રીડિંગ થાય છે. તેમજ ત્રણેક વાર પરામર્શન કરવામાં આવે છે. આખો ગ્રંથ ઊંચી ક્વૉલિટીના આર્ટ પેપર ઉપર, રંગીન ચિત્રો અને ફોટોગ્રાફ્સ સાથે છાપવામાં આવે છે.

પહેલા ખંડમાં 'અ' થી 'ઔ', બીજા ખંડમાં 'ક' થી 'ગૌ', ત્રીજા ખંડમાં 'ઘ' થી 'થે' અને ચોથા ખંડમાં 'દ' થી 'પૃ' સુધીના નામોક્ષરોથી શરૂ થતાં અધિકરણો લેવામાં આવ્યાં છે. પહેલો ખંડ ૨૨૪ પાનાંનો, બીજો ખંડ ૩૪૪ પાનાંનો, ત્રીજો ખંડ ૩૦૦ પાનાંનો અને ચોથો ખંડ ૩૧૨ પાનાંનો છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારનો બાળવિશ્વકોશ – સૌપ્રથમ છે. આ લેખની શરૂઆતમાં કહેવામાં આવ્યું છે તેમ વિદ્યાર્થી શાળામાં-પાઠ્યપુસ્તક દ્વારા જે જ્ઞાન-માહિતી મેળવે છે તેમાં ઉમેરો થાય તેવી માહિતી આ ગ્રંથોમાંથી કિશોરોને મળશે.

સર્વસંગ્રહ–બાળવિશ્વકોશ એક એવી ગ્રંથશ્રેણી છે કે જેમાં વિશાળ બ્રહ્માંડથી માંડીને કીડી અગર સૂક્ષ્મ જીવાણુ સુધીની માહિતી મળે છે. અંતરિક્ષનું અવલોકન પોલૅન્ડના વિજ્ઞાની નિકોલસ કોપરનિક્સે કર્યું. તેનાં તારણોથી માંડીને ૨૦મી સદીના ભારતીય વિજ્ઞાની ડૉ. જયંત નારળીકર સુધીના ખગોળ-વિજ્ઞાનીઓની વાતો આપવામાં આવી છે. આ ઉપરાંત વિશ્વના અનેક વિજ્ઞાનીઓના પરિચય પણ આપવામાં આવ્યા છે.



વિશ્વના ખંડો તેમજ સેંકડો દેશોમાંથી અનેક મહત્ત્વના દેશોની વિગતવાર માહિતી જે તે દેશના નકશા તેમજ ત્યાંના ફોટોગ્રાફ સહિત આપવામાં આવી છે. દેશ ઉપરાંત જગતનાં મોટાં શહેરોના પરિચય પણ આપવામાં આવ્યા છે.

જગતમાં અનેક વ્યક્તિવિશેષોએ વિવિધ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરેલું છે; તેવાં અનેક સાહિત્યકારો, રાજનીતિજ્ઞો, સમાજ-સુધારકો, કલાકારો, વિજ્ઞાનીઓ, રમતવીરો, પત્રકારોનો પરિચય આપવામાં આવ્યો છે. 'ગ' અક્ષરમાં ગુજરાત પ્રદેશને ખાસ મહત્ત્વ આપીને તેનો વિગતવાર પરિચય આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતની પરંપરા સંબંધિત સંખ્યાબંધ અધિકરણો આ ગ્રંથોમાં જોવા મળે છે.

સાહિત્ય, સંસ્કૃતિ, ઇતિહાસ અને ભૂગોળ ઉપરાંત વિજ્ઞાનની ગતિવિધિની પણ અનેક વાતો આ કોશમાં આપેલી છે. વિજ્ઞાનની તો અનેક શાખાઓ છે. તેમાં સમાવેશ થાય તેવી – પદાર્થવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, શરીરવિજ્ઞાન વગેરે તેમજ કમ્પ્યૂટર વિજ્ઞાનની ઊઘડતી અદ્યતન શાખાઓનાં સંખ્યાબંધ અધિકરણો ચિત્રો સાથે આપવામાં આવ્યાં છે.

છેલ્લાં ૪ વર્ષથી 'બાળવિશ્વકોશ'નો દર વર્ષે એક ગ્રંથ તૈયાર થાય છે. વાચકોનો ઉમળકાભર્યો આવકાર સાંપડ્યો છે. આનંદની વાત એ છે કે રાજ્યસરકાર પણ આ કાર્યમાં ઊંડો રસ દાખવી રહી છે. અત્યારના અંદાજ મુજબ બાળવિશ્વકોશની આ શ્રેણી આઠથી દસ ગ્રંથોમાં સંપૂર્ણ થશે.

**– રજની વ્યાસ**

---

**(સોળમા પાનાનું ચાલુ)**

વિસ્તાર પર મોટા પ્રમાણમાં પડે છે. અગાઉ સ્ફોટોએ સફેદ રેતીની ઉચ્ચ ભૂમિ તે વિસ્તારમાં રચી હતી.

સકુરાજિમા સંયુક્ત પર્વત છે. તેનું શિખર ત્રણ ટોચમાં વહેંચાયેલું છે. કિટા-ડેક (ઉત્તરી ટોચ), નાકાડેક (મધ્યની ટોચ) અને મિનામિડેક (દક્ષિણી ટોચ) જે આજે સક્રિય છે.

આજનું કિટાડેક સકુરાજિમાની સૌથી ઊંચી ટોચ છે. તે સમુદ્રની સપાટીથી ૧૧૧૭ મીટર ઊંચે છે.

સકુરાજિમા એરાકેલ્ડેરામાં આવેલ છે. 'કેલ્ડેરા'નો અર્થ જ્વાળામુખી કુંડ થાય છે. કેટલાક સેંકડો ઘનકિલોમીટર રાખ અને છિદ્રાળુ પથ્થરોના ઉત્ક્ષેપ કર્યા હતા. તેના કારણે તેની નીચેની ભૂરસની ચેમ્બર મુખના સ્ફોટથી તૂટી પડ્યા હતા. સકુરાજિમા તે એરાકેલ્ડેરાના જ્વાળામુખીનું આધુનિક મુખ છે.

**– વિહારી છાયા**

# સકુરાજિમાની વીજળી

**નૈર્ઋત્યનું** ચોમાસુ આવે છે ત્યારે આકાશ કાળાંડિબાંગ વાદળોથી ભરાઈ જાય છે. ભય લાગે તેવી ગડગડાટી સંભળાય છે અને આકાશમાં વીજળીના તેજસ્વી લિસોટાઓ રચાય છે. વરસાદ વરસવા માંડે છે. ક્યાંક ધીમી ધારે તો ક્યાંક મુશળધાર વરસાદ વરસે છે. ઘણી જગ્યાએ તો મેઘતાંડવ થાય છે. આ બધામાં સૌથી ભયપ્રદ હોય તો મેઘગર્જના અને તેજસ્વી લિસોટાઓ છે. આ તેજસ્વી લિસોટાને આકાશની વીજળી કહે છે. અંગ્રેજીમાં તેને lightning કહે છે. જ્યાં આવાં પાણી ભરેલાં વાદળાંઓ નથી હોતાં તેવા અવકાશ(space)માં પણ વીજળી થાય છે અને તેવી જ રીતે ભભૂકતા જ્વાળામુખીને લીધે વીજળી થાય છે.

જ્વાળામુખીને લીધે થતી વીજળી ભયાનક હોય છે. જાપાનમાં દક્ષિણમાં છેવાડે મુખ્ય ટાપુઓ ક્યુશુની દક્ષિણ ટોચે સકુરાજિમા જ્વાળામુખીમાં થતી વીજળીનું દૃશ્ય એવું લાગે કે દુનિયાનો અંત આવી રહ્યો છે. તેની નજીકનાં નગરો શક્કરિયાંનો સરસ કડક દારૂ બનાવતાં હોય છે. તસવીરમાં તે ભયાનક જગ્યા હોય તેમ લાગે છે; પરંતુ તસવીરકાર ત્યાં પહોંચ્યા ત્યારે જ્વાળામુખીનું જે દ્રવ્ય તેમના માથા પર પડ્યું તે તેની રાખ જ હતી. પરંતુ જ્વાળામુખીની શ્રેણીબદ્ધ તસવીરો લેનાર માર્ટિન રાઇટ્ઝે જ્યારે આ પ્રગટીકરણની તસવીર લીધી ત્યારે તે હજુ વધારે નજીક હતો.

તે જ્વાળામુખીની નીચેના નગર કાગોશિમાના રહેવાસીઓ તેની રાખની સફાઈ કરવાથી ટેવાઈ ગયા છે. લગભગ ૧૯૫૫થી તે જ્વાળામુખી સતત સ્ફોટ પામતો અને ગણગણાટ કરતો રહ્યો છે. તસવીરકાર રાઇટ્ઝે તે નગરોમાં બનતા શક્કરિયાંના કડક દારૂથી દૂર રહ્યો હતો. તેને ૧૪ કલાક રાહ જોવી પડી. તેણે સવારે ૪:૫૦ વાગે તસવીર ઝડપી. આવું કામ ઊંચી એકાગ્રતા અને ધીરજ લાંબા સમય માટે માંગી લે છે. તે વખતે તે જ્વાળામુખીથી ૩ કિલોમીટર દૂર હતો. તે માટે કોઈ ખાસ ઉપકરણની જરૂર ન હતી. પરંતુ રાખની વર્ષા તંદુરસ્તી માટે હાનિકારક છે. માત્ર કૅમેરાનાં ઉપકરણોને સુરક્ષિત રાખવાં પડે છે.

સકુરાજિમા ટાપુ તરીકે ઉપયોગમાં હતો. તેના નામનો અર્થ 'ચેરિબ્લોસમ ટાપુ' એટલે કે ચેરિનાં ફૂલનો ટાપુ થાય છે. ૧૯૧૪માં જે મોટો સ્ફોટ થયો હતો તેમાંથી જે લાવા ફેલાયો તેણે તેને મેઇનલૅન્ડ સાથે જોડી દીધો.

પરંતુ સવાલ એ છે કે જ્વાળામુખીનો સ્ફોટ થાય ત્યારે વીજળી શા માટે થાય છે ? જ્યારે જ્વાળામુખીનો સ્ફોટ થાય ત્યારે રાખ વિદ્યુત્કણોને ફેંકે છે. વિદ્યુત્કણો બે પ્રકારની વિદ્યુત્ ધરાવે છે. કેટલાક ધન (પૉઝિટિવ) વિદ્યુત્ કણો હોય છે કેટલાક ઋણ



(નૅગેટિવ) વિદ્યુત્કણો હોય છે. રાખના ધન વિદ્યુત્કણો નીચે પતન પામે છે અને ઋણ વિદ્યુત્કણો ઊર્ધ્વગમન કરે છે. જ્યારે વિદ્યુત્કણોની હવામાં દૂરી બહુ વધી જાય. ત્યારે વિદ્યુત્ સ્પંદ રૂપે વીજળી થાય છે. જોકે આ બાબત હજુ પૂરેપૂરી સમજાતી નથી.

જ્વાળામુખીની ભાળ અને મોટા સ્ફોટોની આગાહી ખાસ અગત્યની છે. કારણ કે તે જગ્યામાં વસ્તી ઘણી ગીચ છે. તેનાથી થોડાક કિલોમીટર અંતરે આવેલા કાગોશિમા શહેરની વસ્તી ૬,૮૦,૦૦૦ છે. તે શહેરમાં નિયમિત રીતે તેને ખાલી કરવા કવાયત કરવામાં આવે છે.

સકુરાજિમા જ્વાળામુખી નજીકની વસ્તી પર જે ખતરો ઊભો કરે છે તેથી ૧૯૯૧માં તેને દાયકાનો જ્વાળામુખી(decade volcano)નું પદ આપવામાં આવેલ છે. તેને ''યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ડીકેડ ફોર ડિઝાસ્ટર રિડક્શન''ના વિશિષ્ટ અભ્યાસના એક ભાગ તરીકે યોગ્ય ગણવામાં આવ્યો છે.

સકુરાજિમા કિરિશિમાયાકુ નૅશનલ પાર્કનો ભાગ છે. જ્વાળામુખીમાંથી વહેતો લાવા પ્રવાસીઓનું મોટું આકર્ષણ છે. સકુરાજિમાની આસપાસના વિસ્તારમાં કેટલાક ગરમ પાણીના ઝરાના વિસ્તારો છે. સકુરાજિમાની મુખ્ય ખેતીપેદાશ બાસ્કેટબૉલના માપના સફેદ મૂળા છે.

૨૦૦૯ના માર્ચની ૧૦મી તારીખે સકુરાજિમાનો સ્ફોટ થયો. તેમાંનો ભંગાર બે કિલોમીટર દૂર ફેંકાયો. ત્યાં મોટા સ્ફોટ થશે તેમ ધારવામાં આવેલું કારણ કે ત્યાં પહેલા અઠવાડિયાના અંતમાં શ્રેણીબદ્ધ નાના વિસ્ફોટો થયા હતા. આ છેલ્લામાં છેલ્લા સ્ફોટથી કોઈ નુકસાન થશે તેવું વિચારવામાં આવેલ નહીં.

૨૦૧૧ અને ૨૦૧૨માં સકુરાજિમામાં કેટલાક નોંધપાત્ર વિસ્ફોટો થયા હતા. જ્વાળામુખીની સક્રિયતા ૨૦૧૩માં ચાલુ રહી હતી. તસવીરકાર માર્ટિન રાઇટ્ઝેએ જાન્યુઆરી ૨૦૧૩માં રાખના ગોટેગોટામાં વીજળીની દુર્લભ તસવીર ભૂરસ(magma)ના ઉત્ક્ષેપ દરમિયાન ઝડપી હતી.

સકુરાજિમાની તસવીર માર્ચ, ૨૦૧૩માં નાસાના તે દિવસના ઍસ્ટ્રોનૉમી પિક્ચર તરીકે માન્ય કરેલ. (જુઓ ટાઇટલ પાના નં. ૨)

સકુરાજિમા સક્રિય સંગ્રથિત જ્વાળામુખી છે અને અગાઉ જે ટાપુ હતો તે કાગોશિમાની હકૂમત નીચેના જિલ્લામાં છે. તે જાપાનના કિયુશુમાં આવેલ છે. ૧૯૧૪ના સ્ફોટમાં ઉદ્ભવેલ લાવાના વહેણથી આ અગાઉ ટાપુ ઓસુમિ દ્વીપકલ્પ સાથે જોડાઈ ગયેલ છે.

તેની જ્વાળામુખીપ્રવૃત્તિ ચાલુ રહી છે. તેથી જ્વાળામુખીની રાખ આસપાસના

**(અનુસંધાન ચૌદમા પાને)**

(નવમા પાનાનું ચાલુ)

ગાંધીવાદી કાર્યકર ગાંધીકથા દ્વારા જેમણે લોકોમાં જાગ્રતતા લાવવાનું કાર્ય કર્યું છે તેવા શ્રી નારાયણભાઈ દેસાઈએ ઍવૉર્ડનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે ધીરુભાઈનો પ્રેમ વરસોથી અનરાધાર મારી ઉપર વરસ્યો છે. એમનો હું ઋણી છું. નિશાળમાં ગયો નથી એનો એક લાભ છે કે જે વિષય આપ્યો હોય તેને ચાતરી બોલવાની છૂટ. એક જ ધૂન લાગેલી છે તે ગાંધીની. અને એની જ વાત જુદી રીતે કરવી છે. યુગપ્રવર્તન કરનારા લોકો હોય છે તે પ્રાચીનનું ફળ ટકે છે અને ભાવિનાં બી રોપે છે. ગાંધીએ પ્રાચીનનાં બી ચાખ્યાં છે. ભાવિ પહેલાં વર્તમાનકાળ પણ આવે છે. આવતીકાલનો ગાંધી કયા સત્યની શોધ કરતો હશે. કારણ એણે આખી જિંદગી સત્યની શોધ કરી છે. 'અસતો મા સદગમય'થી શરૂ કરીને ઈશ્વર સત્ય છે એમ નહિ પણ સત્ય ઈશ્વર છે ત્યાં સુધી પહોંચેલી યાત્રા. એ યાત્રાનાં મૂળ પ્રાચીનમાંથી મેળવ્યાં. પ્રેય સામે હોય તે છોડીને શ્રેયના રસ્તા સતત લેવાનું કુરુક્ષેત્ર હૃદયસ્થ ન હોય તો ધર્મક્ષેત્ર ન બને. એ રીતે ગાંધીને ગીતા દેખાઈ. ગાંધીએ તેને અનાસક્તિયોગ કહ્યો. સંતો પાસેથી અને એની પહેલાં મહાકાવ્યો પાસેથી એણે સમન્વય જોયો. સમન્વયની ધારા ગાંધીને પ્રાચીન સંસ્કૃતિમાંથી પ્રાપ્ત થઈ. ગાંધીએ સંતો પાસેથી લોકાત્માપણું લીધું હતું. આપણા સમાજે જેને ગુણ ગણ્યા'તા એ ગુણોને મૂલ્યો બનાવ્યાં. જે વ્યક્તિગત વર્ચ્યૂ સમજવામાં આવતું તેને સોશિયલ વેલ્યૂમાં ફેરવી નાંખ્યું. વ્યક્તિગત વર્ચ્યૂને સોશિયલ વેલ્યૂમાં ફેરવવામાં આવે તો રેવોલ્યૂશન થાય. એમાંથી આખી ક્રાંતિ થાય છે. ગાંધીનાં મૂળિયાં, બીજ અધ્યાત્મમાં હતાં. એમના સામાજિક, આર્થિક જે વિચારો હતા એ એનું થડ હતું. એકાદશવ્રત એટલે સત્યવાદી હરિશ્ચંદ્ર. સત્યવાદી હરિશ્ચંદ્ર નાટક જોઈને વિચાર આવ્યો કે બધા કાં સત્યવાદી હરિશ્ચંદ્ર ન બને ! આપણે બધા વ્યક્તિ થઈને ગુણનો વિચાર કરતા રહ્યા. સત્ય એ માત્ર ગુણ નથી પણ મૂલ્ય છે. ગાંધીનો સત્યાગ્રહ હોય તો પણ ફોર્સ તરીકે આવતો હતો. આત્મા હોય તો પણ ફોર્સ તરીકે આવતો. ગાંધી સત્ય સમાજ કેવી રીતે આગળ ને આગળ અમલમાં મૂકતા રહે એનો પ્રયોગ એ આજે હોત તો પણ કરતા હોત. મોક્ષ વ્યક્તિગત શું કામ ? સામૂહિક મોક્ષની સાધના શું કામ ન થઈ શકે ? સાધના વ્યક્તિગત શું કામ ? આખા સમાજનો ઉત્કર્ષ થાય તો સાથે મળીને કેમ ન થઈ શકે. હું તો ખુલ્લા આકાશ નીચે જ પ્રાર્થના કરીશ.

આભારવિધિ શ્રી પ્રકાશભાઈ ભગવતીએ કરેલી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રીતિ શાહે કર્યું. ઘણી મોટી સંખ્યામાં સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા અને આ પ્રસંગની ધન્યતા અનુભવી હતી.

– નલિની દેસાઈ



## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે જુલાઈ મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૨૪ જુલાઈ ૨૦૧૩, બુધવાર** : વિષય : પ્રેમાનંદનું ભાષાકર્મ
વક્તા : શ્રી ચંદ્રકાન્ત શેઠ

**૩૧ જુલાઈ ૨૦૧૩, બુધવાર** : વિષય : આચાર્ય કૃપાલાની સવા શતાબ્દીએ
વક્તા : શ્રી પ્રકાશ ન. શાહ

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૫ જુલાઈ ૨૦૧૩, શુક્રવાર, સાંજે ૫-૩૦ :**

ચિત્રકળા અને ગ્રાફિકકલાથી વિશ્વભરમાં પ્રસિદ્ધ વડોદરાસ્થિત શ્રી જ્યોતિ ભટ્ટના જીવનનું એક પાસું બહુ જ ઓછું જાણીતું પણ અત્યંત પ્રભાવક છે. એ છે એમની ફોટોગ્રાફી. ૧૯૫૯થી શરૂ થયેલી ફોટોયાત્રા ૧૯૯૮ સુધી અવિરત ચાલી ને પછી કટકે કટકે આજે પણ તે ચાલુ છે. ભારતના ગ્રામજીવનની તેમની તસવીરોની તુલના થઈ શકે તેમ નથી. કદાચ ફોટોગ્રાફી દ્વારા ભારતભરમાં દસ્તાવેજીકરણનો પ્રારંભ એમણે કર્યો છે. પ્રારંભમાં તેમણે 'ક્લિક' કરેલી હજારો તસવીરોમાંથી પસંદ કરીને તેને પુસ્તક સ્વરૂપે વધાવી લેવાનો અવસર આપણે આંગણે આવીને ઊભો છે.

'The Inner Eye & The Outer Eye' પુસ્તકનું વિમોચન વિશ્વવિખ્યાત સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશી કરશે. આ પ્રસંગે પુસ્તક વિશે શ્રી વિવેક દેસાઈ વક્તવ્ય આપશે અને ત્યારબાદ શ્રી જ્યોતિ ભટ્ટ એમની કેફિયત રજૂ કરશે. તેમજ શ્રી અનિલ રેલિયા પ્રસંગોચિત વક્તવ્ય આપશે. આ પ્રસંગે તેમની કેટલીક તસવીરો પણ વિશ્વકોશની કલાવીથિકામાં ત્રણ દિવસ માટે (૫, ૬, ૭ જુલાઈ, બપોરના ૪ થી ૮) પ્રદર્શન સ્વરૂપે મુકાશે.

## આપણો વારસો

भिद्यते हृदयग्रन्थिः छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

સંસાર અને એના કારણરૂપ પરાત્પર પરમેશ્વરને જાણ્યા પછી મનુષ્યના હૃદયની બધી ગૂંચવણ દૂર થઈ જાય છે. બધાંયે સંશયો નષ્ટ થાય છે અને સર્વ શુભાશુભ કર્મના બંધન નિર્મૂળ થઈ જાય છે.